શંકા રાખી બરબાદ થવા કરતાં વિશ્વાસ રાખી લૂંટાઇ જવું વધારે સારું
- શરત બાબુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૨ | ૨ મે ૨૦૧૨, બુધવાર, વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત

# ગાંધીનગર મનપાને ૮.૨૫ કરોડની ફાળવણી

## સોસાયટીના આંતરિક રસ્તાઓ, વીજળીકરણ અને પાણીની પાઈપલાઈનનાં કામો સૂચવી શકાશે; સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાદ સરકારની આ બીજી મોટી સહાય

ગાંધીનગર, તા.૧

સ્વર્ણિમ જયંતિ-મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટી વિસ્તારોમાં જનભાગીદારીથી રસ્તા બનાવવાની યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૮ કરોડ ૨૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. રાજયના સ્થાપના દિનની ઉજવણીની ભેટ તરીકે આ ફાળવણીને લંબાવવામાં આવી રહી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે સરકારે રૂ. દસ કરોડની કરેલી જાહેરાત પછી ગાંધીનગર મહાનગરપાલિકા માટે આ બીજી મોટી જાહેરાત કરવામાં આવી છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અંગેના વિગતવાર આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. ખાનગી સોસાયટીઓ, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતો તેમજ અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓના વિકાસ માટેનો આ અભિગમ છે. આ માટે સરકારે રૂ. ૫૦૦ કરોડ ફાળવ્યા છે.

રાજય સરકારે ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૮.૨૫ કરોડની ફાળવણી કરી છે તેમજ આ માટે ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને નોડલ એજન્સી તરીકે નિયુકત કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ યોજનામાં ૭૦ ટકા રકમ રાજય સહાય તરીકે ૨૦ ટકા રકમ ખાનગી સોસાયટીના સભ્યો પાસેથી અને ૧૦ ટકા રકમ સ્થાનિક સંસ્થાએ ભોગવવાની રહેશે. આ યોજના અંતર્ગત મંજૂર થયેલ કામો ૮ માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## નાણાં ફાળવણીને વધાવતાં ભાજપી નગરસેવકો

ગાંધીનગર, તા.૧

રાજય સરકારના શહેરી વિકાસ વિભાગે મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૮.૨૫ કરોડની કરેલ ફાળવણીના નિર્ણયને કોર્પોરેશન ભાજપ પક્ષના સભ્યોએ આવકાર્યો છે.

વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલ, શ્રી કાર્તિક પટેલ, શ્રી આશિષ દવે, શ્રી સુરેશ મહેતા, શ્રીમતી પરાગી પંડયા, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી પ્રકાશ પટેલ, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રીમતિ પ્રવિણાબેન દરજી, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત, દર્શનાબેન, શ્રી શંકરભાઈ ચૌધરી,

● અનુસંધાન પાન-૭ પર

## નાણાંની ફાળવણી રાજકીય દંભ છે : કોંગ્રેસ


ગાંધીનગર, તા. ૧

રાજયના શહેરી વિકાસ વિભાગે સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રૂ. ૮.૨૫ કરોડની ફાળવણી કરવાનો નિર્ણય સરકારનો રાજકીય દંભ હોવાનું સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, કાઉન્સીલર શ્રી અશ્વિન વ્યાસ અને પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા તથા ડે. મેયર શ્રી યુસુફભાઈ પરમારે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે સરકારે કોર્પોરેશનને સત્તાઓ સોંપી નથી અને સ્ટાફ પેટર્નને પણ મંજૂરી આપી નથી તો આ નાણાં વાપરવા માટેનું આયોજન

● અનુસંધાન પાન-૭ પર

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પૂજ્ય ભીખાભાઈ મહારાજના આત્માને માઁ-જગદંબા સદાશીવ ભગવાન શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિંભોઈ અંબિકા મંદિર,
તા. ઈડર - જી. સાબરકાંઠા
જનકભાઈ બી. શાસ્ત્રી
(સર્વે યજમાન પરિવાર)